ગુરુમાઈ ચિદ્વિલાસાનંદની શિખામણો

# તાલ સાથે જોડાયેલાં રહો

નામસંકીર્તન

શનિવાર, ૨ મે, ૨૦૨૦

ભગવાન નિત્યાનંદ મંદિર

નાદ, આત્મા, શાંતચિત્તતા. ♥ નાદ, શાંતચિત્તતા, આત્મા. ♥ શાંતચિત્તતા, નાદ, આત્મા. ♥
આત્મા, નાદ, શાંતચિત્તતા. ♥ શાંતચિત્તતા, આત્મા, નાદ. ♥ આત્મા, શાંતચિત્તતા, નાદ. ♥
*નાદ, આત્મા, શાંતચિત્તતા.*

સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં, આ 'મંદિરમાં રહો' સત્સંગમાં, આપણે ઘણો નાદ ઉત્પન્ન કરીશું, આપણે બહુ જોશથી ગાઈશું. શા માટે? કારણકે આ નાદ તમને શાંતચિત્તતાની અનુભૂતિ સુધી લઈ જાય છે. આ નાદ તમને આત્માની અનુભૂતિ પ્રદાન કરે છે.

મેનેજીંગ ડિરેક્ટર, રોહિણી મેનને મને જણાવ્યું કે તમારાંમાંથી ઘણાં લોકો આ 'મંદિરમાં રહો' સત્સંગોના જીવંત વિડીઓ પ્રસારણમાં વચ્ચેથી ભાગ લેવાનું શરૂ કરે છે. કેટલી અદ્ભુત વાત છે! સત્સંગની આ જ સુંદરતા છે, ખાસ કરીને સિદ્ધયોગ સત્સંગની. તમે તેમાં કોઈપણ સમયે જોડાઓ, તમને અધ્યયન કરવા માટે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તમને તમારી સાધના કરવા માટે અને તમારા જીવનના ઉદ્દેશ્યનો અનુભવ કરવા માટે સંપૂર્ણ આશીર્વાદ મળશે.

નાદ. આજે આપણે સત્સંગમાં બહુ બધો નાદ ઉત્પન્ન કરીશું. ભગવાનનો ઘણો આભાર કે આપણી પાસે આ સાધન છે — નામસંકીર્તન. ભગવાનનો ઘણો આભાર કે આપણી પાસે આધ્યાત્મિક પથ છે. કેટલું અદ્ભુત.

સત્સંગમાં હોવું આત્મા વિશે શીખવું છે. સત્સંગમાં હોવું એ જાણવું છે કે તમારી પાસે તે છે જે સાધના કરવા માટે જરૂરી છે. સત્સંગમાં હોવાનો અર્થ છે આત્માની પ્રભાનાં દર્શન કરવાં, અને પછી તમે જે કંઈ પણ કરો તેમાં એ પ્રભાને ઓળખવી.

આજે સવારે, 'મંદિરમાં રહો' સત્સંગમાં, યુવા સિદ્ધયોગીઓએ તેમનું કૌશલ્ય પ્રસ્તુત કર્યું જેને સાંભળ્યાં પછી હું નિત્યાનંદ તળાવના કિનારે ચાલવા માટે ગઈ હતી. જેમકે પૂર્વીય તટ પર રહેતી દરેક વ્યક્તિ જાણે છે કે આજના દિવસે, અંતતઃ આપણે શીતઋતુમાંથી બહાર આવી ગયા છીએ. પરંતુ, આ બહુ ટૂંકા સમય માટે છે. મેં આવતા સપ્તાહંત માટે હવામાન જોયું — ફરી એકવાર ઠંડી પડવાની છે. પણ જ્યારે આપણે અમેરિકાના પૂર્વીય તટ પર રહીએ છીએ, તો આપણને જેટલી પણ ઉષ્મા મળે, આપણે તેને ગ્રહણ કરી લઈએ છીએ.

બહાર વાતાવરણ કેટલું સુંદર હતું. આકાશ કેટલું *નીલ* રંગનું હતું. તમે તો જાણો જ છો કે મને નીલ આકાશ કેટલું પ્રિય છે. એ મારા માટે બાબા મુક્તાનંદનો એક ઉપહાર છે.

જ્યારે મેં પહેલીવાર બાબા મુક્તાનંદનાં દર્શન કર્યાં હતાં, તો મને તેઓ નીલ રંગના દેખાયા હતા. ત્યારબાદ, જ્યારે પણ મને તેમની યાદ આવતી, તો હું નીલ આકાશ તરફ જોતી અને મહસૂસ કરતી કે હું તેમની ઘણી નજીક છું. એટલા માટે, મને નીલ આકાશ અતિ પ્રિય છે.

આજે સવારે જ્યારે હું અત્યંત સુંદર નીલ આકાશની નીચે, તળાવના કિનારા પર હતી, ત્યારે હું આપણા સંસારમાં જે થઈ રહ્યું છે એના વિશે વિચારી રહી હતી. લોકો અત્યંત મૂંઝવણ અને ગહન ભય મહસૂસ કરી રહ્યાં છે, જેને કારણે હું બિલકુલ ખુશ નહોતી.

મેં ક્યારેય આ શબ્દોનો ઉપયોગ એકસાથે નથી કર્યો : *ગહન* અને *ભય*. હું ગહન આનંદની, ગહન આહ્લાદની, ગહન અનુભૂતિની વાત કરું છું. પરંતુ, આ સમયે દરેક વ્યક્તિ ગહન ભય મહસૂસ કરી રહી છે. હું તેના વિશે વિચારી રહી હતી. અને મેં એ સમાચાર પણ વાંચ્યાં હતાં કે પાનખર આવશે, શિયાળો આવશે ત્યારે ફરી એકવાર પરિસ્થિતિ બગડશે. સંસારે સ્વયંને તૈયાર કરવું પડશે, ભવિષ્યમાં આવનારા રોગ માટે, જે *આવવાનો* જ છે. સમાચારમાં, તેઓ કહી રહ્યાં છે કે દરેક વ્યક્તિએ અત્યારે, આ સમયે તેમના જીવનમાં અનુશાસન લાગુ કરવું જ પડશે.

એટલા માટે, હું તમને કહેવા માંગું છું કે જો તમે આ વિસ્મયકારી પૃથ્વી ગ્રહ પર સ્વસ્થ જીવન જીવવા માંગતા હોવ અને આ પૃથ્વીને પોતાનું મોટું યોગદાન આપવા માંગતાં હોવ તો *અત્યારે* જ શરૂઆત કરો. જો તમે ખરા અર્થમાં જીવિત રહેવા માંગતા હોવ, અને જો તમે ઇચ્છતા હોવ કે બીજાં લોકો પણ જીવિત રહે અને આ પૃથ્વી શું છે તેનો અનુભવ કરે તો *અત્યારે* જ શરૂઆત કરો. જેમકે તમે જાણો છો, જીવનનો અધિકાર દરેક વ્યક્તિને છે.

વર્તમાનમાં, સંસાર જે બધી યાતનાઓમાંથી પસાર થઈ રહ્યો છે, જ્યારે હું તેના વિશે વિચાર કરી રહી હતી તો મને સારું મહસૂસ નહોતું થઈ રહ્યું. થોડો સમય ચાલ્યા પછી, હું વેંકપ્પા અન્નાને સમર્પિત વૃક્ષની નીચે એક બાંકડા પર બેસી ગઈ. તમારાંમાંથી ઘણાં લોકો આ મહાન વ્યક્તિ વિશે જાણે છે જેમણે આજીવન બાબા મુક્તાનંદની સેવા કરી હતી. જ્યારે હું નાની હતી તો તેઓ મારા આદર્શ હતા. જ્યારે પણ હું ઉદાસ થતી, હું વેંકપ્પા અન્ના પાસે જતી અને તેઓ મને ખુશ કરી દેતા. હા, જો હું ખુશ રહેતી તો તેઓ મને અનુશાસિત કરતા. પણ જો હું ઉદાસ થતી તો તેઓ મને બહુ ખુશ કરી દેતા.

તો હું તેમના ભવ્ય વૃક્ષની નીચે, નીલ આકાશની નીચે બેઠી હતી. મખમલી હવા વહી રહી હતી. જ્યારે મેં ચારેબાજુ જોયું તો બધું ઝગમગી રહ્યું હતું. અચાનક મારું ધ્યાન ગયું કે સ્વચ્છ નીલ આકાશ નિર્મળ શ્વેત વાદળોથી સુશોભિત થઈ રહ્યું છે. વાદળો અહીં-તહીં દેખાવા લાગ્યા; હું હજીપણ નીલ આકાશનો વિસ્તાર જોઈ શકતી હતી.

મારે વાદળોનાં રૂપ-આકાર સમજવા માટે તેને બહુ ધ્યાનથી જોવાની પણ જરૂર નહોતી. હું સહજ રૂપે મારી આંખોથી આ વાદળોમાં એક શ્વાનને દોડતાં જોઈ શકતી હતી. અને પછી મેં એક સસલાને દોડતા જોયું. પછી મેં એક ઘોડાને દોડતા જોયો. અને પછી હૃદય આકારનાં ઘણાં બધાં વાદળો દેખાયાં. ઘણા બધા ૐ દેખાયા. બરાબર મારી આંખોની સામે વાદળો ઊડી રહ્યાં હતાં અને આકારો બનાવી રહ્યાં હતાં — હું એ અદશ્ય હાથને જોઈ શકતી હતી જે આ વાદળોમાંથી આકારોની રચના કરી રહ્યો હતો.

કારણકે આટલાં બધાં હૃદયના આકાર અને ૐ આકારનાં વાદળોનું ઉપર નીલ આકાશમાં સર્જન થઈ રહ્યું હતું, નિર્માણ થઈ રહ્યું હતું તેથી મારું ભારે હૃદય ૐ ગાવા લાગ્યું. અને પછી હું ફરીથી વિચારવા લાગતી, ‘‘એ બધાં લોકોનું શું થશે જેઓ દુઃખમાંથી પસાર થઈ રહ્યાં છે? પ્રકૃતિનું શું થશે, જેનું લોકો ધ્યાન રાખતા હતા? જાનવરોનું શું થશે, જેમનું ધ્યાન રાખનારું હવે કોઈ નથી?’’ મને ફરીથી આકાશમાં ૐ આકારનું બીજું એક વાદળ બનતું દેખાતું. અને મારું હૃદય ૐ ગાવા લાગતું.

પણ પછી બીજો એક વિચાર : ‘‘શું થવાનું છે? શું લોકો એકસાથે કામ કરશે? શું દેશો એકસાથે આવશે? શું મનુષ્યોમાં એકતા રહેશે?’’ અને આશ્ચર્યની વાત, જોત જોતાંમાં બીજું એક અતિસુંદર હૃદય આકારનું વાદળ. અને મારું હૃદય ૐ ગાવા લાગતું. બીજો એક વિચાર. ફરી પાછી ૐ પર. બીજો એક ભાવ. ફરી ૐ પર.

જ્યારે આ બધું ચાલી રહ્યું હતું તો એક સમયે મેં જોયું કે એક વિમાન ઉપર, ઉપર, ઉપરની તરફ ઊડી રહ્યું હતું અને પછી તે ફર્યું અને તેણે એક સુંદર યુ-ટર્ન એટલે કે વળાંક લીધો અને તે પાછું આવવા લાગ્યું! હું જોઈ રહી હતી કે જેટના ધુમાડાની ધાર દ્વારા જેટની ચારેબાજુ, ક્ષિતિજ પર, અંગ્રેજીનો ‘યુ’ અક્ષર લખાઈ ગયો હતો. મેં ક્યારેય જેટ વિમાનને યુ-ટર્ન લેતાં નહોતું જોયું. હું વિચારી રહી હતી, ‘‘ખરેખર? બસ મને ખુશ કરવા માટે, આકાશે આટલા બધાં મનમોહક દશ્યો બતાવ્યા — રોજબરોજના પણ, અને આધ્યાત્મિક પણ?’’

મેં સ્વયંને કહ્યું, ‘‘તો પછી ઠીક છે. સારું રહેશે કે હું એ વિશે વિચારવાનું અને ચિંતા કરવાનું બંધ કરું કે આ સંસારનું શું થવાનું છે અને ૐ મંત્રમાં મગ્ન થઈ જઉં. આ સૃષ્ટિમાં એક મહાનતર શક્તિ કાર્ય કરી રહી છે. મને તેના સત્ત્વમાં વધારે દઢ વિશ્વાસ હોવો જ જોઈએ.’’

હું બાંકડા પરથી ઊભી થઈ ગઈ અને ખુશીથી ચાલવા લાગી, ફરી એકવાર વિશાળ નીલ આકાશનો અને મખમલી પવનનો આનંદ ઉઠાવવા લાગી, અને સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં, સત્સંગમાં બાળકોએ તેમના કૌશલ્યની અને તેમની પ્રતિભાઓની જે પ્રસ્તુતિ કરી હતી તેને યાદ કરવા લાગી. જ્યારે હું ૐ ને ગણગણતા તળાવના રસ્તા પર ચાલીને જઈ રહી હતી, તો મેં બે કલહંસ પક્ષીઓને લીલાં ઘાસ પર સુંદર રીતે બેઠેલા જોયા. તેઓ ભૂર્જ વૃક્ષોના બગીચામાં

સુરક્ષિત બેઠા હતા. તે બહુ રમણીય દશ્ય હતું. કલહંસો આરામથી બેઠા હતા. તેઓ ખુશ હતા. વાસ્તવમાં ખુશ હતા. સાચે જ ખુશ હતા.

તેઓ તળાવના માર્ગથી ઘણા નજીક હતા, એટલે મેં વિચાર્યું કે શું હું તેમની બાજુમાંથી ચાલીને જાઉં કે મારે પાછા ફરીને બીજી બાજુથી જવું જોઈએ. કલહંસોને એ ખબર છે કે તેમણે શ્રી મુક્તાનંદ આશ્રમના આ તળાવ પાસે ન આવવું જોઈએ. તેમને ખબર છે કે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન મેનેજમેન્ટ તેમને કહેશે કે તે ક્યાંક બીજે તેમનું ઘર શોધી લે. આનું કારણ એ છે કે કલહંસો જ્યાં પણ રહે છે તે જગ્યા પર પોતાનો અધિકાર કરી લે છે અને જે પણ તળાવના કિનારે ચાલી રહ્યું હોય તેના પર આક્રમણ કરે છે.

આ કલહંસોને કેનેડિઅન કલહંસો કહે છે. મને ખબર છે કે કેનેડા એક બહુ સારો દેશ છે. અને મને આ કલહંસોને જોવાનું ખરેખર ગમે છે, તેથી હું ચૂપચાપ ત્યાં ઊભી રહીને તેમની અસાધારણ શાંતચિત્તતા પર ચકિત થઈ રહી હતી અને એ દશ્યને માણી રહી હતી. હું તેમનાથી માત્ર ત્રણ ફૂટ દૂર હતી. આહ — મારે છ ફૂટ દૂર હોવું જોઈતું હતું. ઓહો! ઓહો, કોઈને કહેશો નહીં કે મેં કેનેડિઅન કલહંસો સાથે સામાજિક અંતરના માપદંડોનું પાલન નહોતું કર્યું. હું તેમનાથી માત્ર ત્રણ ફૂટ દૂર હતી!

વાસ્તવમાં, હું તેમની એટલી નજીક હતી કે એ જોઈ શકું કે કેવી રીતે તે બંનેએ એકબીજા સામે જોયું, અને તેમની વચ્ચે થઈ રહેલી સૂક્ષ્મ વાતચીતનું અવલોકન પણ કરી શકું. એવું લાગતું હતું જાણે કે તેઓ એકબીજાને કહી રહ્યા હતા, ‘‘શું આપણે ઊડી જવું જોઈએ કારણકે અહીંયા કોઈ છે અને આપણને અહીંયા આવવાની મનાઈ છે?’’ પછી દેખીતી રીતે તેઓ તણાવમુક્ત થઈ ગયા, તેમનું શરીર અમુક ઈંચ વધારે જમીન તરફ નમી ગયું, અને તેમના આ વર્તનથી હું કહી શકતી હતી કે તેઓ વિચારી રહ્યાં હતા — ‘‘બરાબર છે. તે આપણને કંઈ નહીં કરે. તે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનની મેનેજર નથી. આપણે અહીં જ રહીશું, એવી રીતે કે જાણે આપણે છીએ જ નહીં. આપણે અદશ્ય છીએ. તે આપણને નથી જોઈ શકતી.’’

જ્યારે તેમણે આવું કર્યુ, તો મારા ચહેરા પર મોટું સ્મિત આવી ગયું — ખાસ કરીને એ જોઈને કે તેમણે વિચાર્યુ કે તેઓ અદશ્ય છે, અને જો તેઓ એકપણ પીંછું નહીં હલાવે તો કોઈને પણ ખબર નહીં પડે કે તેઓ ત્યાં છે. તેઓ એટલા સ્થિર હતા કે મૂર્તિ જેવા લાગી રહ્યા હતા.

તો એ હતી તળાવ પાસે મારી સવાર. હું તમને આ અનુભવ એટલા માટે કહેવા માંગતી હતી જેથી જો તમે ક્યારેય ઉદાસ થાવ તો તમારી આસપાસ જુઓ. સૃષ્ટિ ઇચ્છે છે કે તમે ખુશ રહો. સૃષ્ટિ તમને ખુશ *કરી દેશે*. સૃષ્ટિ તમને માર્ગ *બતાવશે*. તે તમારી સામે જ છે.

આજે બપોરે, ચંદ્રમા — બાબાજીનો ચંદ્રમા — નીલ આકાશમાં અત્યંત સુંદરતાથી ચમકી રહ્યો હતો. પરંતુ, જ્યારે હું ‘મંદિરમાં રહો’ સત્સંગમાં, વૈશ્વિક હૉલમાં આવવા માટે આશ્રમની લોબીમાંથી પસાર થઈ રહી હતી તો મેં બારીઓની બહાર નજર નાંખી અને જોયું કે ધીરે-ધીરે પણ નિશ્ચિતરૂપે ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું હતું અને આકાશને ઢાંકી રહ્યું હતું.

મંદિરમાં પ્રવેશ કરવાની પહેલાં જ મેં જોયું કે સંપૂર્ણ આકાશ આ ધુમ્મસથી ઢંકાઈ ગયું હતું. બની શકે કે તમે વિચારી રહ્યાં હોવ, ''શા માટે?'' કારણકે હવે આપણે વૈશ્વિક હૉલમાં છીએ. આપણે નીલ આકાશને જોવા માટે બહાર નહીં જઈએ તો આકાશે જે કરવાનું છે તે તેણે કરવાનું છે. જુઓ, દરેકને પોતાનું કર્તવ્ય નિભાવવાનું છે. આકાશ પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યું છે. પ્રકૃતિ પોતાનું કામ કરી રહી છે.

આપણે વૈશ્વિક હૉલમાં બહુ બધો નાદ ઉત્પન્ન કરીશું. *સાંબ સદાશિવ.* આપણી સાથે એક અસાધારણ હાર્મોનિયમ વગાડનાર છે. તેનું નામ શાંભવી ક્રિશ્ચિયન છે. હું શાંભવીને કહેવાની છું કે આ સુંદર નામસંકીર્તનમાં ઘણા બધા શબ્દો છે તેથી પહેલાં તે આપણને એ શબ્દોનો અભ્યાસ કરાવે. મને *સાંબ સદાશિવ* બહુ પ્રિય છે. મને યાદ છે જ્યારે અમે લૉસ એન્જિલિસમાં, પૈસેડીનામાં, *સાંબ સદાશિવ*નું નામસંકીર્તન કરી રહ્યાં હતાં. શું યાદ છે કે કેવી રીતે કલાકો સુધી આપણે નામસંકીર્તન કરી રહ્યાં હતાં અને નાચી રહ્યાં હતાં, નામસંકીર્તન કરી રહ્યાં હતાં અને નાચી રહ્યાં હતાં? તેના પછી, આખા એક વર્ષ સુધી હું દરરોજ સવારે એ સી.ડી.ને નિશ્ચિતપણે સાંભળતી હતી. એ જ રીતે હું મારા દિવસની શરૂઆત કરતી હતી, પૈસેડીનામાં ગાયેલાં *સાંબ સદાશિવ* નામસંકીર્તનને સાંભળીને.

*સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં દરેક વ્યક્તિએ, પંચાવન મિનિટ સુધી નામસંકીર્તન કરીને વાસ્તવમાં બહુ બધા નાદની રચના કરી. નામસંકીર્તન દરમ્યાન, ગુરુમાઈજી વચ્ચે-વચ્ચે બોલી રહ્યાં હતાં. એ દરમ્યાન તેમણે નિમ્નલિખિત શિખામણો આપી. શું નામસંકીર્તન ગુરુમાઈજીની શિખામણોથી અનુપ્રાણિત હતું? કે ગુરુમાઈજીની શિખામણો નામસંકીર્તનની શક્તિથી અનુપ્રાણિત હતી?*

હું તમને પ્રેમ કરું છું.

કરુણા.

*નામસંકીર્તન કરતાં કરતાં જ્યારે વીસ મિનિટ પૂરી થઈ, તો ગુરુમાઈજીએ મૃદંગ વાદકને ઇશારો કર્યો કે તે મૃદંગ વગાડવાનું બંધ કરે. તંબૂરા અને હાર્મોનિયમની સાથે નામસંકીર્તન ચાલતું રહ્યું. તેથી, તમે જોશો કે ગુરુમાઈજીની મોટાભાગની શિખામણો તાલ વિશે હતી.*

તાલમાં આવો.

નામસંકીર્તનમાં તાલ છે. વૈશ્વિક હૉલમાં તાલ છે.

પ્રિયજનો : તાલને મહસૂસ કરો. નામસંકીર્તનના તાલ પ્રમાણે ગાઓ.

વૈશ્વિક તાલ.

તમારાં રક્તને નૃત્ય કરવા દો.

યાદ રાખો, જ્યારે તમે મૃત્યુ પામો છો, તો તમે એકલા હોવ છો.
તમારી સત્તામાં તાલને મહસૂસ કરો.

ઉપસ્થિત રહો.

*આ સમયે વૈશ્વિક હૉલમાં નામસંકીર્તનનો અનુભવ વધુ મધુર થઈ ગયો. ગુરુમાઈજીએ કહ્યું :*

તમે સમજી ગયા છો.

તમારાં રક્તને નૃત્ય કરવા દો.

પાણી પર પડતાં નાનાં ટીપાં.

તમારાં રક્તને નૃત્ય કરવા દો.

જો તમારી અંદર રક્ત છે તો ગાઓ.

નામસંકીર્તનની શક્તિથી તમારાં રક્તનું શુદ્ધીકરણ થઈ જવા દો.

નામસંકીર્તનના તાલ સાથે રહો.

નાદ ક્યાંથી ઉદિત થઈ રહ્યો છે? તમારાં રક્તને ગાવા દો. લાલ રંગ બહુ સુંદર છે. તે શક્તિ છે.

મજબૂત બનો. મજબૂત બનો. તાલની સાથે રહો.

તાલ વિના, સંસારનો અંત થઈ જશે. તાલમાં, સંસાર આનંદમય બની જાય છે. તાલમાં ગાઓ.

*નામસંકીર્તનની સંરચના અચાનક માખણ જેવી થઈ ગઈ. તે અતિશય મુલાયમ થઈ ગઈ. ગુરુમાઈજીએ કહ્યું :*

સુંદર. હવે મને મહસૂસ થઈ રહ્યું છે. હવે, તે સુંદર છે. આ અનુભૂતિની સાથે બની રહો.

*હાર્મોનિયમ વગાડનારી મહિલાને સંબોધિત કરતાં, જે મૃદંગની સહાયતા વિના હાર્મોનિયમ વગાડી રહી હતી, ગુરુમાઈજીએ કહ્યું :*

નામસંકીર્તન માટે હાર્મોનિયમે તાલ આપવો જોઈએ. સૂઈ ન જાઓ. જાગતા રહો.

બહુ બધા નાદની રચના કરો.

*જેમજેમ નામસંકીર્તનનો તાલ વધારે પાકો, વધારે સઘન થતો ગયો, ગુરુમાઈજીનો અવાજ સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં ગર્જવા લાગ્યો; મૃદંગ વાદકે આને એક સંકેત સમજ્યો અને તે ફરીથી મૃદંગ વગાડવા લાગ્યો. પરંતુ એવું નહોતું. તેથી, ગુરુમાઈજીએ કહ્યું :*

ધ્યાન આપો. જુઓ સંસારને શું થઈ ગયું છે. લોકોએ પોતાની વાત ન સાંભળી તેને કારણે, લોકોએ બીજાં તરફ ધ્યાન ન આપ્યું તેને કારણે આખો સંસાર દુઃખ ભોગવી રહ્યો છે.

વસ્તુઓ જેટલી બગડી ગઈ છે, તેનાથી વધારે નહીં બગડી શકે. મહેરબાની કરીને, તમે લોકો, તમારાં રક્તને નૃત્ય કરવાં દો!

કૃપાને સાંભળો. યાદ રાખો, સાધના ફૂલોની પથારી નથી.

તમે પ્રેમને પાત્ર છો.

આ નામસંકીર્તનમાં, આપણે મૃત્યુંજય, મૃત્યુદેવને પ્રાર્થના કરી રહ્યાં છીએ : ‘‘તમે અમારાં પર દયા કરો.’’

તાલને સાંભળો. તે વૈશ્વિક હૉલમાં છે. તાલ સાથે જોડાયેલાં રહો.

કરુણા.

જાગતા રહો. જાગતા રહો. તમારા આનંદને વધારો.

*નામસંકીર્તનના મુખ્ય ભાગની સમાપ્તિ પર, ગુરુમાઈજી ‘‘શંભો, શંભો’’ ગાવાં લાગ્યાં અને તેમણે મૃદંગ વાદકને મૃદંગ વગાડવા માટે આમંત્રણ આપ્યું. તે હંમેશાંની જેમ બહુ પ્રભાવશાળી રીતે વગાડવા લાગ્યો, તેના મૃદંગની થાપ સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં ગુંજવા લાગી.*

*પછી જ્યારે ગુરુમાઈજી પોતે ડફલી વગાડી રહ્યાં હતાં, તો તેમણે એકલા મૃદંગ વાદકને જ મૃદંગ વગાડવા માટે કહ્યું. મૃદંગ વાદકે ઘણી તત્પરતા અને જોશ સાથે મૃદંગ વગાડ્યું, નામસંકીર્તન દરમ્યાન મોટાભાગે મૃદંગ ન વગાડવાને લીધે તેની ભુજાઓ અને હાથ બિલકુલ થાક્યા નહોતા.*

*નામસંકીર્તનની પૂર્ણાહૂતિથી એ સ્પષ્ટ હતું કે શ્રીગુરુમાઈ કેવી રીતે બધાંને શીખવી રહ્યાં હતાં કે તે લોકો અનાહદ નાદ વિશે વધારે જાણે, હૃદયના તાલ સાથે જોડાવા વિશે વધારે જાણે. આ બિલકુલ એવું જ હતું જેવું તેમણે સત્સંગમાં થોડાં સમય પહેલાં કહ્યું હતું — તે દિવસે સવારે એ અદૃશ્ય હાથને જોવો જેણે વિશાળ નીલ આકાશમાં હૃદયાકાર અને ૐ આકારના વાદળોની રચના કરી હતી.*

*પછી શ્રીગુરુમાઈએ બધાંને ધ્યાનમાં જવા માર્ગદર્શન આપ્યું. ધ્યાન પછી, ગુરુમાઈજીએ કહ્યું :*

હે કરુણાકર. કરુણાનાં મૂર્તરૂપ — અમારાં પર દયા કરો.

હે મૃત્યુંજય, હે મૃત્યુદેવ — અમારાં પર દયા કરો.

સચ્ચિતસુખમય. ચિતિ, પ્રકાશ અને આનંદનાં મૂર્તરૂપ — અમારાં પર દયા કરો.

હું એ જરૂર કહીશ કે આ ધ્યાન તો ચાલતું જ રહ્યું હોત, ચાલતું જ રહ્યું હોત, ચાલતું જ રહ્યું  હોત. એ કેટલું સારું લાગી રહ્યું હતું, કેટલું અદ્‌ભુત. *સાંબ સદાશિવ* નામસંકીર્તને આપણને પૂરીરીતે ધ્યાનની સ્થિતિમાં અવસ્થિત કરી દીધાં હતાં.

આ અનુભવને પકડી રાખો. આ બોધને જાળવી રાખો. પછી તમારી સામે જે કંઈ પણ આવશે, તમે તેની સાથે જોડાયેલાં રહી શકશો. જો તમે ઉદાસ પણ થશો તો તમે તેનાથી ઉપર ઊઠી શકશો. જો તમને અતિશય ભય મહસૂસ થાય તો પણ તમે તેમાંથી નીકળી શકશો. આ યાદ રાખો — અંતરમાં નીલ આકાશ. નીલપુરુષ તમારી સાથે છે.

*તમને યાદ હશે, શ્રીગુરુમાઈએ આરંભમાં કહ્યું હતું કે નીલ આકાશ બાબા મુક્તાનંદ તરફથી તેમના માટે એક ઉપહાર હતો. એટલું જ નહીં, આ ધન્ય દિવસે બડે બાબાએ નીલ રંગના પરિધાન પહેર્યા હતા, અને બધાંએ ત્યારે જ ભગવાન શિવના, નીલેશના નામનું સંકીર્તન કર્યું હતું.*

*ગુરુમાઈજીએ આગળ કહ્યું :*

*શંભો, શંભો.* બસ તમારા હૃદયને આનંદિત થવા દો.

આ લોકડાઉન દરમ્યાન જે થઈ રહ્યું છે, તમે તેને સહન ન કરી શકતાં હોવ તોપણ, બાળકોને ખુશ રાખો. બાળકો સાથે સારી રીતે અને શાલીનતાથી વાત કરો. તેમને સમજાવો કે શું થઈ રહ્યું છે. તેમને સમજવા દો. કૃપયા બાળકો પર તમારી હતાશા, તમારી ચિંતા, તમારો ગુસ્સો પ્રગટ ન કરો, કારણકે તેઓ સારી રીતે નથી જાણતાં. કોઈપણ બીજી વસ્તુ કરતાં વધારે તેમને તમારી મદદની જરૂર છે. જેટલું બની શકે તેટલું અને જેટલી સારી રીતે બની શકે, તેમની સાથે વાત કરો. મહેરબાની કરીને.

અને આવું કરતાં કરતાં, એકબીજા સાથે સારો સમય પસાર કરો. મજા કરો. બાળકોને મજા કરવી બહુ ગમે છે. તેઓ એ જ રીતે શીખે છે. તેઓ એ જ રીતે મોટાં થાય છે. તેઓ એ જ રીતે ભવિષ્યના આપણા નેતૃત્વકર્તા બને છે.



© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.